## સરસ્વતી વિદ્યાલય, રમાસ (સૂચિત) બોર્ડ પરીક્ષામાં ઝળકી



ધોરણ ૧૦માં ચાલુ વર્ષે ૫૩ વિદ્યાર્થીઓમાંથી ૪૫ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થઈ ૮૫ ટકા જેટલું સતત અને સુંદર પરિણામ લાવવા બદલ શાળાનાં ઉત્સાહી પ્રિન્સીપાલ શ્રી ઉન્મેશ પટેલ શિક્ષક મિત્રો શ્રી વિજયભાઈ પટેલ તથા શ્રી દિપકભાઈ પટેલ તથા બિનશૈક્ષણિક કર્મચારી શ્રી રમેશભાઈ પટેલ અને તરુણ એસ.પટેલને નવયુવક કેળવણી મંડળના ચેરમેન શ્રી કાંતિભાઈ આર. પટેલ ( એડવોકેટ), મંત્રી શ્રી સુનિલભાઈ પટેલ, પૂર્વ પ્રિન્સિપાલ શ્રી પી. એમ.પટેલ તેમજ સૌ કારોબારી સભ્ય શ્રીઓ એ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે

## ધાનેરામાં ૫મી જુન વિશ્વ પર્યાવરણ દિન નિમિતે ૧૦૮ ની ટીમ દ્વારા વૃક્ષો વાવીને વૃક્ષારોપણ



ધાનેરા માં GVK EMRI 108 ની ટિમ દ્વારા વિશ્વ પર્યાવરણ દિન નિમિતે વૃક્ષો વાવીને સામૂહિક વૃક્ષારોપણ નો કાર્યક્રમ સાર્થક બનાવવામાં આવ્યો. GVK EMRI એ ઈમરજન્સી સેવામાં તો કાર્યરત હોય જ છે સાથે સાથે ઈમરજન્સી ના કારણો ને ઘટાડવામાં પણ કાર્યરત હોય છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે , ગ્લોબલ વોર્મિંગ માં ઘટાડો કરવા માંટે વૃક્ષો એ પાયાની જરૂરિયાત છે. એ વાત નું ધ્યાન રાખીને વિશ્વ પર્યાવરન દિન નિમિતે **GVK EMRI 108** ની ટિમ દ્વારા વૃક્ષો વાવીને પર્યાવરણ બચાવો નો સંકલ્પ કરવામાં આવ્યો .આ નિમિત્તે બનાસકાંઠાના પ્રોગ્રામ મેનેજર કમલેશભાઈ પઢીયાર તથા સુપરવાઈઝર નિખિલભાઈ પટેલ અને રેફરલ હોસ્પિટલ નાં મેડિકલ ઓફિસર શ્રી ડો. ધારાબેન કમીબેન(સ્ટાફ નર્સ)ઈ.એમ.ટી ગૌરીચંદ્ર શ્રીમાળી તથા પાયલોટ ખેતાભાઈ ચૌધરી હાજર રહ્યા હતા આ પ્રસંગે ડો.ધારાબેન જણાવ્યું હતું કે આપણે સૌએ વધુ વૃક્ષો વાવવા જોઈએ અને પર્યાવરણનું રક્ષણ કરવું જોઈએ. આ કાર્યકર્મ ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિન નિમિતે રેફરલ હોસ્પિટલ નો સ્ટાફ અને૧૦૮ ની ટીમ સાથે મળી ને વ્રુક્ષ રોપી ને ઉજવણી કરી હતી.

## પ્રાંતિજના નવાપુરા ખાતે શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નવાપુરા ખાતે શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિર નો ત્રિદિવસીય પ્રાણ પતિષ્ઠા મહોત્સવ યોજાયો જેમા પ્રાંતિજ સહિત તાલુકામાંથી ધર્મ પ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પ્રાંતિજના નવાપુરા ખાતે આવેલ શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિરનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો જેમા નવ ચંડીયજ્ઞ, મહાયજ્ઞ, આરતી સહિતના દિવસ દરમ્યાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા તો પ્રાંતિજ સહિત આજુબાજુના ધર્મ પ્રેમી લોકોએ ધર્મ લાભ લીધો હતો તો યજ્ઞ ની વિધિવત રીતે પૂજા યોગેશ કુમાર રમણભાઈ ભટ્ટ દ્વારા કરવવામા આવી હતી તો ત્રિદિવસીય પાટોત્સવ દરમ્યાન ધજારોહ, હવન, આરતી સહિત ના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા તો શિવ-શકિત યુવક મંડળના સભ્યો અરૂણસિંહ, ગાંડુસિંહ, અજીતસિંહ, કાંતિસિંહ, જીતેન્દ્ર સિંહ સહિત સભ્યો કાર્યકરો તથા સમસ્ત નવાપુરા ગ્રામજનો દ્વારા ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નુ સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

## અરવલ્લી : LCB એ ગાજણ ટોલપ્લાઝા નજીક પલ્સર બાઈક પર પાયલોટીંગ સાથે પસાર થતી દારૂ ભરેલી કારને ફિલ્મી ઢબે ઝડપી






અરવલ્લી જીલ્લાના મુખ્ય અને અંતરિયાળ માર્ગો પરથી બુટલેગરો વિદેશી દારૂની હેરાફેરી કરી રહ્યા છે જીલ્લા પોલીસતંત્ર બુટલેગરોની ખેપ નિષ્ફળ બનાવી રહી છે જીલ્લા એલસીબી પોલીસે ગાજણ ટોલપ્લાઝા નજીક પલ્સર બાઈક પર પાયલોટિંગ સાથે પસાર થતી વિદેશી દારૂ ભરેલી કારને ફિલ્મીઢબે પીછો કરી કારમાંથી ૭૪ હજારથી વધુનો દારૂ ઝડપી પાડી દારૂની હેરાફેરીમાં સંડોવાયેલ ત્રણ બુટલેગરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ સી.પી.વાઘેલા અને તેમની ટીમે ગાજણ ટોલપ્લાઝા નજીક શામળાજી તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધર્યું હતું એલસીબી પીઆઈ સી.પી.વાઘેલાને શામળાજી તરફથી પલ્સર બાઈકના પેટ્રોલિંગ સાથે દારૂ ભરેલી કાર મોડાસા તરફ આવતી હોવાની બાતમી મળતા પોલીસે નાકાબંધી કરતા પાયલોટિંગ કરતી બાઈકનો ચાલક પોલીસ નાકાબંધી જોઈ બાઈક અને દારૂ ભરેલી કાર રિવર્સ લઈ હંકારી મુકતા પોલીસે ફિલ્મીઢબે પીછો કરતા બુટલેગરો ઈકો કાર રોડ પર મૂકી ભાગવા જતા એક બુટલેગરને દબોચી લીધો હતો ત્રણ બુટલેગરો ફરાર થઈ જતા પોલીસે કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૪૯૬ કીં.રૂ.૭૪૪૦૦/- નો જથ્થો જપ્ત કરી કાર ચાલક હાર્દિક લાલા રાઠોડ (રહે,દેવની મોરી-ભિલોડા) ને ઝડપી પાડી કાર, મોબાઈલ અને દારૂ મળી ૩.૮૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર ત્રણ બુટલેગરો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. ૧)હેમંત સુરેશ ડામોર ( રહે,દેવની મોરી-ભિલોડા), ૨)વિજય કાંતિ ગામેતી (રહે,હિંમતપુર-ભિલોડા), ૩)રાજુ રણછોડ પરમાર (ખડોદા-મોડાસા)

# ધો.૧૦ બોર્ડ પરીક્ષા : આકરૂન્દ હાઈસ્કુલમાં ૭૫ ટકા પરીણામ: પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થી એ-૧ ગ્રેડ સાથે ઉત્તિર્ણ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૭

રાજ્યમાં ધો.૧૦ બોર્ડ પરીક્ષાનું પરીણામ જાહેર થયું છે ત્યારે ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલ ૭૫ ટકા પરીણામ સાથે અગ્રેસર રહી છે. શાળામાં પ્રથમ નંબરે આવનાર ઉર્વષી મુકેશભાઈ ખાંટ ૬૦૦ માંથી ૫૫૨ ગુણ મેળવી એ૧ ગ્રેડ સાથે ઉત્તિર્ણ થઈ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પણ ધગશથી ઉચ્ચ પરીણામ લાવે છે તે સિદ્ધ કરી દેખાડ્યું છે. આકરૂન્દ હાઈસ્કુલમાં કુમાર કરતા કન્યાઓએ પરીણામમાં મેદાન મારતાં કન્યાઓનું ૮૮.૨૩ ટકા વિક્રમી પરીણામ આવ્યું છે.


પ્રાપ્ત જાણકારી અનુસાર ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષાના પરીણામો જાહેર થયા પછી આગામી સોમવારથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ વર્ષે ધો.૧૦ બોર્ડ પરીક્ષાના અત્યંત સરળ પ્રશ્નપત્ર છતાં અનેક શાળાઓમાં નબળા પરીણામો માટે કોરોના પછીનો તબક્કો જવાબદાર ગણવામાં આવે છે. છેલ્લા ચોવીસ મહિના સુધી શાળાઓમાં શિક્ષણ કાર્ય બંધ રહેવાના કારણે વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્ય ઉપર પરીણામ પછી સ્પષ્ટ અસર જોવા મળી છે. આકરૂન્દ સ્કુલમાં ધો.૧૦ અને ૧૨માં ગુણવત્તાલક્ષી શિક્ષણના કારણે ધો.૧૨ કોમર્સ ૧૦૦ ટકા, સામાન્ય પ્રવાહ ૯૩ ટકા અને ધો.૧૦નું ૭૫ ટકા પરીણામ આવતા શૈક્ષણિક સંકુલમાં સારા પરીણામનો ઉત્સાહ જોવા મળ્યો.જિલ્લાના અન્ય ગ્રામ્ય વિસ્તારોની શાળાઓની સરખામણીએ આકરૂન્દ હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ શહેર સમકક્ષ છાત્રોની જેમ બોર્ડ પરીક્ષામાં સર્વોત્તમ દેખાવ કરીનો ફરી એકવાર આકરૂન્દ હાઈસ્કુલનો ગૌરવ અપાયું છે. શાળાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના સર્વશ્રેષ્ઠ પરીણામ માટે કેળવણી મંડળના મંત્રી હસમુખભાઈ પટેલ, ઉપપ્રમુખ નરસિંહદાસ પટેલ, સહમંત્રી દિનેશભાઈ પટેલ, આચાર્ય જે.ડી.ભાટી, શિક્ષણ કો-ઓર્ડિનેટર પંકજભાઈ કટારા તથા સ્ટાફનો વાલીઓ અને ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યા હતા.



શાળાના ટોપટેન વિદ્યાર્થીઓ

| વિદ્યાર્થીનું નામ | પર્સેન્ટાઈલ રેન્ક |
|---|---|
| ઉર્વષી મુકેશભાઈ ખાંટ | ૯૯.૦૪ |
| નયન કલ્પેશભાઈ વાળંદ | ૯૮.૧૬ |
| જીગર ઘનશ્યામભાઈ બારોટ | ૯૭.૪૧ |
| વનિતા અમૃતભાઈ દેસાઈ | ૯૬.૯૩ |
| સ્નેહા દિનેશભાઈ વસાવા | ૯૬.૯૩ |
| કિરણ વાઘજીભાઈ રબારી | ૯૫.૯૧ |
| મયુર રાજાભાઈ દેસાઈ | ૯૫.૩૪ |
| અંશ રાજેશકુમાર શાહ | ૯૪.૨૫ |
| રવિ લાલજીભાઈ દેસાઈ | ૯૨.૯૧ |
| શ્રેયસ સંજયકુમાર પ્રજાપતિ | ૯૨.૩૨ |

## બાયડ ભાટીયા સમાજનું ગૌરવ



બાયડ, તા.૦૭

બાયડના શૈલેષ એસ. ભાટીયા(પૂર્વ પ્રમુખ-જાયન્ટસ ગૃપ ઓફ બાયડ) અને નિમિષાબેન ભાટીયાની પુત્રી કુ.ધાર્વે ભાટીયાએ ચાલુ સાલે લેવાયેલ ધો.૧૦ બોર્ડ પરીક્ષામાં ૯૬.૪૪ પર્સન્ટાઈલ રેક્ર સાથે ઉત્તિર્ણ થઈ અરવલ્લી તેમજ બાયડ ભાટીયા સમાજને ગૌરવ અપાવ્યું છે.

## બાયડ વૈષ્ણવ સમાજનું ગૌરવ



બાયડ, તા.૦૭

બાયડના વિપુલભાઈ એન. શાહની પુત્રી માન્યા શાહ ચાલુ સાલે લેવાયેલ ધો.૧૦ બોર્ડ પરીક્ષામાં ૯૯.૯૨ પર્સન્ટાઈલ રેક્ર અને સ્ટાન્ડર્ડ ગણિત વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવી શાળા તેમજ સમાજનું ગૌરવ વધાર્યું છે.

## બાયડ વૈષ્ણવ સમાજનું ગૌરવ



બાયડ, તા.૦૭

બાયડના રાકેશકુમાર એન. શાહ(જનતા ગારમેન્ટ-બાયડ)ની પુત્રી દીશા શાહ ચાલુ સાલે લેવાયેલ ધો.૧૦ બોર્ડ પરીક્ષામાં ૯૯.૭૫ પર્સન્ટાઈલ રેક્ર સાથે ઉત્તિર્ણ થઈ સમાજ અને બાયડ ગામનું ગૌરવ વધાર્યું છે.

## આકરુન્દ હાઈસ્કૂલમાં ધો.૧૦નું ૭૫ ટકા પરિણામ



બાયડ, તા.૦૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ બોર્ડનું પરિણામ જાહેર થયું છે જેમાં આકરુન્દ પરીક્ષા કેન્દ્રનું ૬૮.૦૬ ટકા પરિણામ આવ્યું છે. જ્યારે આકરુન્દ હાઈસ્કુલનું ૭૫ ટકા પરિણામ આવ્યું જેમાં શાળાની ઉર્વશી મુકેશભાઈ ખાંટ ૯૯.૦૪ પર્સન્ટાઈલ રેક્ર સાથે પ્રથમ, નયન કલ્પેશભાઈ વાળંદ ૯૮.૧૬ પર્સન્ટાઈલ રેક્ર સાથે બીજા અને જીગર ઘનશ્યામભાઈ બારોટ ૯૭.૪૧ પર્સન્ટાઈલ રેક્ર સાથે ત્રીજા સ્થાને આવી શાળાનું ગૌરવ વધારતાં મંડળ તથા શાળા સ્ટાફે તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## બાયડ પટેલ સમાજનું ગૌરવ



બાયડ, તા.૦૭

બાયડના ડાં અલ્પેશભાઈ પટેલની પુત્રી કુ.નિયંતા પટેલે ચાલુ સાલે લેવાયેલ ધો.૧૦ બોર્ડ પરીક્ષામાં સ્ટાન્ડર્ડ ગણિત વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ સાથે ૯૯.૮૮ પર્સન્ટાઈલ રેક્ર સાથે ઉત્તિર્ણ થઈ પરિવાર અને સમાજનું ગૌરવ વધાર્યું છે.

## આકરુન્દ બ્રહ્મભટ્ટ સમાજનું ગૌરવ



બાયડ, તા.૦૭

ધનસુરા તાલુકાના આકરુન્દ ગામના નીતિનભાઈ બ્રહમભટ્ટના પુત્ર ધ્યાન બ્રહમભટ્ટ ચાલુ સાલે લેવાયેલ ધો.૧૦ બોર્ડ પરીક્ષામાં ૯૭.૪૧ પર્સન્ટાઈલ રેક્ર સાથે ઉત્તિર્ણ થઈ આકરુન્દ બ્રહ્મભટ્ટ સમાજનું ગૌરવ વધાર્યું છે.

## બોરલ હાઈસ્કુલ ધો.૧૦ બોર્ડ પરીક્ષાનું ૮૦ ટકા પરિણામ



બાયડ, તા.૦૭

બાયડ તાલુકાની બોરલ હાઈસ્કુલનું ધો.૧૦ બોર્ડ પરીક્ષાનું ૮૦.૨૨ ટકા પરિણામ આવ્યું છે. કેન્દ્રનું ૬૮.૬૩ ટકા પરિણામ આવેલ છે. શાળાનો જન્મય અશ્વિનભાઈ પટેલ ૯૯.૭૨ પર્સન્ટાઈલ સાથે પ્રથમ, ધ્યાન નીતિનભાઈ બારોટ ૯૭.૪૧ પર્સન્ટાઈલ રેક્ર સાથે બીજા અને હેમિકા કમલેશભાઈ શમાં ૯૬.૧૩ પર્સન્ટાઈલ રેક્ર સાથે ત્રીજા સ્થાને આવી શાળાનું ગૌરવ વધારેલ છે.

## આકરુન્દ ગામનું ગૌરવ



બાયડ, તા.૦૭

ધનસુરા તાલુકાના આકરુન્દ ગામના ઘનશ્યામભાઈ એન. પટેલ(સી.આર.સી.-આકરુન્દ)ના પુત્ર વિશેશ પટેલ ધો.૧૦ બોર્ડ પરીક્ષામાં વિજ્ઞાન તેમજ સ્ટાન્ડર્ડ ગણિત વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ સાથે ૯૯.૯૫ પર્સન્ટાઈલ રેક્ર સાથે મોડાસાની કે.એન.શાહ હાઈસ્કૂલમાં પ્રથમ સ્થાને આવી આકરુન્દ ગામનું ગૌરવ વધારેલ છે.

# અંબાજી ગબ્બર પર્વત અને તેની આસપાસના ડુંગરાઓ હરીયાળા બને તે માટે બનાસ ડેરી દ્વારા સીડ બોલરોપણનું અભિયાન શરૂ

**સમગ્ર વર્ષ દરમ્યાન બનાસ ડેરી દ્વારા એક કરોડ જેટલાં સીડ બોલ બનાવી જંગલ વિભાગને આપવામાં આવશેઃ બનાસ ડેરી ચેરમેન શંકરભાઇ ચૌધરી**

ડીસા,તા. ૭

બનાસકાંઠા જિલ્લાનાં પર્વતોને લીલાછમ્મ- હરીયાળા બનાવવા માટે દૂધ સંપાદનમાં સમગ્ર એશિયામાં નંબર વન બનાસ ડેરી દ્વારા સીડ બોલ રોપણ કરવાનું અનોખુ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાનની શરૂઆત બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ શક્તિપીઠ અંબાજી ગબ્બર પર્વત ખાતેથી કરાવી છે. બનાસકાંઠા જિલ્લો હરીયાળો બને માટે અંબાજી ગબ્બર પર્વત અને તેની આસપાસના ડુંગરાઓમાં બનાસ ડેરી દ્વારા છેલ્લા બે માસથી સીડ બોલ બનાવવામાં આવી રહ્યા છે. આજે ગબ્બર પર્વત ખાતે બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી દ્વારા સીડ બોલનું પુજન કરાયુ હતુ તેની સાથે ગબ્બર પર્વતરાજની પણ પૂજા કરી અભિષેક કરવામાં આવ્યો હતો. બનાસકાંઠા જિલ્લામાં ત્રણ દિવસ દરમ્યાન ૨૫ લાખ જેટલાં સીડ બોલ વિવિધ દૂધ સહકારી મંડળીના લોકો અને વન વિભાગના કર્મચારીઓ દ્વારા રોપવામાં આવશે. આજે અંબાજીના ગબ્બર વિસ્તારમાં ૮ જેટલી ટીમો બનાવી પર્વતીય જંગલ વિસ્તારમાં સીડ બોલ રોપણની કામગીરી કરવામાં આવી હતી.

આ પ્રસંગે બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતુ કે, દરેક ઈન્ડસ્ટ્રીઝ પર્વતોને દત્તક લે તો ચોક્કસ પણે પર્વતોને હરીયાળા બનાવી શકાય છે. તેના માટે સીડ બોલ બનાવી આપવાની પણ તેમણે ખાતરી આપી હતી. તેમણે કહ્યું કે, સમગ્ર વર્ષ દરમ્યાન બનાસ ડેરી દ્વારા એક કરોડ જેટલાં સીડ બોલ બનાવી જંગલ વિભાગને આપવામાં આવશે. જે બનાસકાંઠા જિલ્લા સહિત સમગ્ર ઉત્તર ગુજરાતના જંગલો હરીયાળા બને તેવા પ્રયાસો કરાશે. તેમણે ઉમેર્યુ કે, ઉંડાણ વાળા વિસ્તારોમાં જ્યાં પહોંચવું અઘરુ હોય તેવી જગ્યાએ ડ્રોન વિમાનથી સીડ બોલનું રોપણ પણ કરવામાં આવશે. આજે અંબાજીના જંગલોમાં પણ ડ્રોન દ્વારા સીડ બોલ જંગલ વિસ્તારમાં નાખવામાં આવ્યા હતા. ચેરમેને જણાવ્યું કે, શક્તિપીઠ અંબાજી મંદિર અને તેના આસપાસના વિસ્તારનો સર્વાંગી વિકાસ થાય તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સુચના અને માર્ગદર્શન પ્રમાણે કામો ચાલી રહ્યા છે.







તેમણે કહ્યું કે, પશુઓના છાણનાં દડા બનાવી તેમાં વિવિધ વૃક્ષોનાં બીજ નાખી સીડ બોલ બનાવવામાં આવે છે અને આ સીડ બોલ જંગલ વિસ્તારમાં નાંખવામાં આવે છે. જ્યારે વરસાદ આવે ત્યારે છાણનાં આ બોલ ખાતર બની બિયારણને જલ્દી ઉગાડવાનું કાર્ય કરે છે. હાલ આ અભિયાનની શરૂઆત અંબાજીથી શરૂઆત કરવામાં આવી છે પણ કામગીરી આખુ વર્ષ કરવામાં આવશે.

# કોંગ્રેસની નાવ ડૂબતી ગઈ... ભાજપની નૌકા સમુદ્ર પાર કરતી ગઈ...

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???

બાયડ તા.૭

સમય સમયે કોંગેસ પણ ચિંતન કરે અને ભાજપ પણ મનોમંથન કરે તો ક્યારેક આપણને પણ મન થાય કે કોંગ્રેસની નાવ કેમ ડૂબતી ગઈ?? ભાજપ કેમ ફાવતું ગયું?? પરિવર્તન એ સંસારનો નિયમ છે એટલે ભારતના રાજકારણમાં કોંગ્રેસને બદલે ભાજપને જનતાએ સ્વીકારી તેવું નથી... ભાજપે સમય પ્રમાણે પરિવર્તન લાવ્યું છે એટલે ભાજપ ફાવતી ગઈ!! સમય દિશા બતાવે તે પ્રમાણે ચાલવું જોઈએ, જ્યારે કોંગ્રેસ એની એજ જૂની ઘરેડમાંથી બહાર ન નીકળી, તેમની વિચારધારા રોટી, કપડાં, મકાનની આસપાસ ફરતી રહી, બેરોજગારી-ગરીબીની વાતો કોંગ્રેસ વાગોળતી રહી પણ યોગ્ય નિરાકરણ અને પરિણામલક્ષી કામ ન કરી શકી એટલે કોંગ્રેસ ત્યાંની ત્યાં થંભી ગઈ... જ્યારે ભાજપને નરેન્દ્ર મોદી જેવા સક્ષમ નેતા મળી ગયા... કે તેમણે રોટી, કપડાં, મકાનની ચિંતા માત્ર ના કરી પણ થતા પ્રયત્નો પણ કર્યા અને નજર તો તેનાથી ક્યાંય દૂર દૂર ચાલતી રહી.... શુ કરું તો ભારત સ્વસ્થ અને સ્વચ્છ બને??કેવા પગલાં ભરવા જોઈએ તો ભાજપ પણ વિકસિત દેશોની જેમ સુંદર અને આકર્ષક બને?? 'ટૂંકમાં કહું તો કોંગ્રેસ ગરીબીની કથા કરતી રહી જ્યારે મોદીજીએ ગરીબી હટાવવા યોગ્ય કદમ ઉપાડ્યા...' માત્ર ચિંતા કરવાથી શુ થાય?? જે હાલ કોંગ્રેસના થયા તે થઈને રહે!! જ્યારે મોદીજીએ લોકોની માનસિકતામાંથી ગરીબ શબ્દ જ કાઢી નાખ્યો.... કોઈ નાનો તો કોઈ મોટો પણ આપણે સૌ અમીર જ છીએ!! ભગવાન જગદીશની પ્રાર્થના પ્રમાણે... "હે ઈશ્વર તું મોટો પૂર્ણ છે....જ્યારે અમે પણ તારા જ અંશ છીએ, ભલે નાના નાના પૂર્ણ પણ અમે અપૂર્ણ તો નથી જ!!!' કોંગ્રેસની વિચારધારા પ્રમાણે જનતાની માનસિકતા કાયમ રહેત તો આજે પણ હિન્દુસ્તાનમાં અડધી જનતા શૌચાલય માટે ખેતર કે વગડામાં જતી હોત!! પણ, ઘરે ઘરે હલકું ભારે શૌચાલય હોવું જ જોઈએ એ મનમાં ગાંઠ વાળનાર બીજું કોઈ નહિ આપણા માનનીય પ્રધાનમંત્રી મોદીજી જ હતા... અને ભારતભરમાં ઘરે ઘરે શૌચાલય બની ગયા!! ભારત તો ગરીબી રેખા નીચે જીવતો દેશ છે એ કલ્પના કોંગ્રેસની હતી, જ્યારે ભારતમાં પણ બુલેટ ટ્રેન હોવી જ જોઈએ એ કલ્પના મોદીજીની છે...' ભારત પણ દુનિયામાં સૌથી ઊંચું સ્ટેચ્યુ બનાવી શકે છે અને તે બનાવી પણ દીધું!! જિંદગી એ માનસિકતાનો ખેલ છે, ક્રિકેટની દુનિયામાં ઇંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાની ટિમ આપણી જોડે વર્લ્ડ બેસ્ટ બેસ્ટમેન હોવા છતાં આપણને શા માટે જીતવા નહોતા દેતા?? તેમની રમત માનસિકતા ઉપર હતી, ગાંગુલી, ધોની, કોહલી જેવા દ્રઢ મનોબળ વાળા કેપટન ટીમને મળ્યા અને ભારત જીત ઉપર જીત મેળવતું ગયું!! આ બધો ખેલ માનસિકતાનો છે.... 'મોદીજી દ્રઢ મનવાળા અને મક્કમ પગલાં ભરવાવાળા નેતા છે એમની જોડે નબળી વાત હોય જ નહીં...' એટલે જનતા તેમને ગમાડતી ગઈ જ્યારે કોંગ્રેસ મનમાંથીજ ગરીબ શબ્દને ભૂંસી શકી જ નહીં જે કોંગ્રેસને બહુ ભારે પડ્યું.... કોંગ્રેસ જૂની પુરાણી ગાડીના સહારે રોડ ઉપર પોતાની ગાડી ચલાવતી હતી, રસ્તામાં વરસાદ, આંધી, તુફાન આવે તો કારનું વાયપર પણ બદલી નહોતી શકી તો કેવી રીતે આ મુશ્કેલી ભર્યા સમસ્યાઓ ભર્યા દેશમાં પોતાની કાર ચલાવી શકવાની હતી!! મોદીજી એ જોયું કે પહેલા તો આ કારનું વાયપર બદલો એનો ૨૦૦ રૂ નો ખર્ચ મોંઘો નહિ પડે... અને તેમણે એવું કર્યું એટલે રસ્તો ચોખ્ખો દેખાવા લાગ્યો અને મોદીજી પુરપાટ ઝડપે આંધી તોફાન અને વરસાદ વચ્ચે પણ રસ્તો કાપતા ગયા.... 'નબળી અને હલકી માનસિકતા ખુદ ને પણ ડૂબાડે અને દેશને પણ ડુબાડી દે!!' તેમણે મુશ્કેલીઓનો સામનો પણ કર્યો અને નવા નવા અખતરા પ્રયોગ પણ કર્યા.. તેઓ સફળ રહ્યા... તેમણે રોટી, કપડાં અને મકાનની મહદઅંશે સમસ્યા જ કાઢી નાખીને વધુ આગળનો વિચાર કર્યો... કોંગ્રેસ ચિંતન શિબિરમાં માત્ર ચિંતા જ કરતી રહી, પરિણામલક્ષી કામ ના કરી શકી કારણકે તેમની માનસિકતા નબળી હતી, ડર હતો, નાનપ પણ હતી....પશ્ચિમના ગોરા દેશ આગળ હજુયે ડરીને વાત કરવાની તેમની માનસિકતા તેમને ખૂબ નડી, 'જ્યારે મોદીજીએ ગોરાઓની એસી તેસી તે લોકો આપણને રોટલા દેવા નથી આવતા તેવા મન સાથે તેમની સામે મર્દાનગીથી ઉભા રહ્યા!!' પરિણામ આપણે સૌ જોઈ રહ્યા છીએ.... ભાજપે આજથી ૮ વર્ષ અગાઉ ગોવામાં ચિંતન શિબિર યોજીને નિર્ણય લીધો કે ભાજપના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ બનશે... 'એ ભાજપનું ચિંતન કહેવાય...' હાલમાં ઉદેપુર ખાતે કોંગ્રેસની ચિંતન શિબિરમાં રાહુલ ગાંધીને ફરીથી પ્રમોટ કર્યા અને તેમાં ખુરશી ના જતી રહે... તેમની ચિંતા હતી...

## અરવલ્લી જિલ્લામાં ચેક પરત ફરવાના ૨ કેસમાં આરોપીઓને ૧-૧ વર્ષની કેદની સજા

### ભિલોડા અને મોડાસા કોર્ટનો મહત્વનો ચૂકાદો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૭

અરવલ્લી જિલ્લામાં ચેક પરત ફરવાના ૨ જુદા જુદા કેસમાં કોર્ટે આરોપીઓને તક્સીરવાર ઠેરવી આરોપીને ૧-૧ વર્ષની કેદ અને ફરિયાદીને ચેકની રકમનું વળતર ચૂકવવા આદેશ આપ્યા છે. ભિલોડા અને મોડાસા કોર્ટ દ્વારા ચેક પરત ફરવાના કેસમાં સજા જાહેર કરાઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ભિલોડા તાલુકાના વણઝર ગામના પ્રભાભાઈ ધુળાભાઈ પટેલે બેક્ર ઓફ બરોડા શામળાજી શાખામાંથી લીધેલી લોનની રકમ પરત ચૂકવવા ૪૬,૨૧,૧૩,૩૯ પૈસાનો ચેક આપેલ જે ચેક અપૂરતા બેલેન્સના કારણે પરત કર્યો હતો અને કોર્ટ દ્વારા કાનૂની કાર્યવાહી શરુ કરવામાં આવી હતી. સદર કેસ ભિલોડા કોર્ટમાં ચાલી જતાં ફરિયાદી પક્ષના એડવોકેટ પ્રશાંત એમ. ઉપાધ્યાય અને જીતેન્દ્ર ભાટીયાની દલીલ કોર્ટ દ્વારા ગ્રાહ્ય રાખી આરોપીને ૧ વર્ષની કેદ અને ફરિયાદી બેક્રને વળતર ચૂકવવા આદેશ આપેલ છે, બીજા કેસમાં મોડાસા તાલુકાના કોકાપુરના મહેશભાઈ વિઠ્ઠલભાઈ પટેલે મોડાસાના દિલીપકુમાર મોહનલાલ શાહ પાસેથી હાથ ઉછીના રુ ૧,૮૨,૦૦૦ લીધા હતા અને પરત ચૂકવવા આપેલ ચેક પરત ફરતાં એડવોકેટ પ્રશાંત એમ. ઉપાધ્યાય મારફત મોડાસાં ત્રીજા એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં કેસ દાખલ થયો હતો જે ચાલી જતાં આરોપીને કોર્ટે ચેક પરત ફરવાના કેસમાં તકસીરવાર ઠેરવી ૧ વર્ષની કેદ તથા રુ ૧.૮૨ લાખ ફરિયાદીને વળતર પેટે ચૂકવવાના આદેશ કર્યો છે. જિલ્લામાં ચેક પરત ફરવાના અનેક કેસમાં આરોપીઓને સજા થઈ રહી છે.

## પ્રાંતિજ અવરઓન ઈગ્લીંશ મીડીયમ સ્કૂલનું ૯૭ ટકા પરીણામ : ૩૭ વિદ્યાર્થીઓમાંથી ૩૫ વિદ્યાર્થીઓ પાસ

પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાત ભરમાં ગુજરાત માધ્યમિક બોર્ડ દ્વારા લેવાયેલ SSC પરીક્ષા નું પરિણામ જાહેર થઈ ગયું છે જેમાં પ્રાંતિજ ખાતે આવેલ અવર ઓન ઈંગ્લીશ મીડીયમ સ્કુલ નું ૯૭ ટકા પરિણામ આવ્યું. પ્રાંતિજ ખાતે આવેલ પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિત વિવિધ સંસ્થાઓ પૈકી અવર ઓન ઈગ્લીંશ મીડીયમ સ્કૂલ ખાતે ચાલુ સાલે લેવાયેલ ધોરણ ૧૦ની પરીક્ષાનું પરિણામ જાહેર થયું હતું તો શાળા નું ૯૭ ટકા પરિણામ આવ્યું હતું જેમા નિવ પટેલ-૯૦.૬૭ ટકા , હસન નાની ભુરાવાલા -૮૬.૧૭ ટકા, રીયા રાઠોડ-૮૫ ટકા , હદમ ચોખાવાલા-૮૫ ટકા, મથંન પટેલ ૮૨ ટકા, અક્ષ દેસાઈ ૭૭.૫૦ ટકા પરિણામ આવ્યુ હતુ તો શાળાના અદ્ભૂત પરીણામ બદલ શાળાના વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામા આવ્યા હતા તો શાળાના મંત્રી રઈશભાઈ કસ્બાતી, આચાર્ય દર્શિલ દેસાઈ તથા શાળા સ્ટાફ પરિવાર દ્વારા વિધાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.